**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૯ ટકા

# રથયાત્રાને આવકારવા શહેરમાં ભારે ઉત્સાહ

## રથયાત્રા જયાં જયાંથી પસાર થવાની છે તે વિસ્તારોમાં વિવિધ સંસ્થાઓ, મંડળો, અગ્રણીઓ સત્કાર માટેની તૈયારીઓમાં વ્યસ્ત : મંડપો બંધાવા લાગ્યા અને ફરસાણ-નમકીન-ઠંડા પાણી-છાશ વગેરેની ખરીદીમાં ધમધમાટ









ગાંધીનગર, તા.૩ અષાઢી બીજને ગુરુવારે ભગવાન જગન્નાથ ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળશે. ભગવાન રથમાં બિરાજીને સામે ચાલીને જયારે નગરજનોના હાલ-ચાલ પુછવા આવવાના હોય ત્યારે ભાવિક નગરજનોના હૈયે ઉત્સાહ સમાતો ના હોય તે સ્વાભાવિક છે. શહેરમાં આજે રથયાત્રાની પૂર્વ સંધ્યા સુધી ભગવાનનો સત્કારવાના આયોજનમાં શહેરીજનો વ્યસ્ત જણાયા હતા અને ઠેર ઠેર પ્રસાદ, પાણી, આઈસ્ક્રીમ, છાશ, ચા-નાસ્તો વગેરેની 'જેવી જેની ભકિત તેવી તેની શકિત' મુજબ વ્યવસ્થા કરવાની તૈયારીઓમાં પડયા હતા. આ સાથે મંડપ ડેકોરેશન તેમજ બેનર-હોર્ડિંગ્સ પ્રિન્ટીંગ વગેરે કામોમાં પણ ભારે ધસારો જોવા મળ્યો હતો.

શહેરમાં ભગવાન જગદીશની રથયાત્રા જે જે વિસ્તાર કે માર્ગો પરથી પસાર થવાની હોય છે ત્યાં ત્યાં શહેરીજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. જેમાં ભગવાનને હાર-તોરા ઉપરાંત રથયાત્રામાં જોડાયેલા આયોજકો, સ્વયંસેવકો, ટેમ્પા-ઉંટલારી કે અન્ય વાહનો અથવા પગપાળા રથયાત્રામાં જોડાયેલા ભાવિકો વગેરેને મહાપ્રસાદ ઉપરાંત ઠંડુ પાણી, લીંબુ શરબત, છાશ, ચા, શરબત જેવા પીણા તથા ગાંઠીયા બુંદી, બટાકાપૌંઆ, નમકીન, ફુલવડી, પાપડી જેવા નાસ્તા અને આઈસ્ક્રીમ વગેરે ખવડાવી આવકારવામાં આવશે. રથયાત્રા જે વિસ્તારમાંથી પસાર થાય તે વિસ્તારના કોર્પોરેટર્સ, સામાજિક રાજકીય અગ્રણીઓ, વેપારી મંડળો, વસાહત મંડળો, યુવક મિત્ર મંડળો, સંસ્થાઓ તથા સ્વૈચ્છિક મંડળો દ્વારા સત્કારવામાં આવશે. દરેકના હૈયે અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળશે અને ચારેકોર બસ 'જય રણછોડ, માખણચોર'નો નારો ગુંજતો સાંભળાશે. રથયાત્રાને આવકારવા સૌ કોઈ નાત-જાત-ધર્મ તથા સંપ્રદાયના વાડા છોડીને એક થઈને આવકારશે. કહેવાય છે કે 'રથયાત્રા જોડવાનું કામ કરે છે એટલે જ તેને સાચા અર્થમાં લોકઉત્સવ' તરીકે ઓળખવામાં આવે છે.

### ફલેકસ-બેનર્સ પ્રિન્ટીંગમાં રથયાત્રાના ઓડર્સને પ્રાયોરિટી

શહેરમાં રથયાત્રાને આવકારવા સમગ્ર રૂટ પર વિવિધ રાજકીય સામાજિક અગ્રણીઓ, સંસ્થાઓ-મંડળો વગેરે દ્વારા બેનર્સ હોર્ડિંગ્સ લગાડવામાં આવે છે. આ કારણે શહેરના ફલેકસ બેનર્સ, હોર્ડિંગ્સ તૈયાર કરનારાઓ તથા ડિઝાઈનવર્ક કરતા આર્ટિસ્ટો વગેરેને પણ છેલ્લા બે ત્રણ દિવસથી કામનું ભારણ ખૂબ વધી ગયેલું જોવા મળ્યું છે અને હાલ માત્ર રથયાત્રાને લગતું જ કામ હાથ પર લીધું હતું.

### ફરસાણ-સ્વીટ માર્ટ તથા ડિસ્પોઝેબલના વેપારીઓને તડાકો

રથયાત્રાને આવકારવા જે મંડળો કે સંસ્થા દ્વારા નાસ્તા જેવા કે ગાંઠીયા-બુંદી, બટકાપૌંઆ, નમકીન, ફુલવડી, પાપડી અથવ અન્યનું આયોજન કરવાનું નક્કી કર્યુ હોય તેમના દ્વારા આજે શહેરના ફરસાણ તથા સ્વીટસના વેપારીઓને ત્યાં અગાઉથી ઓર્ડર નોંધાવી તેની સમયસર ડિલીવરી લેવાની ધમાધમ જોવા મળી હતી. ફરસાણ-સ્વીટસના વેપારીઓ ઉત્પાદકો દ્વારા આ ઓડર્સને પહોંચી વળવા વધારાના કારીગરોને કામે લગાડવા પડયા હતા. વળી આ પ્રસાદને વહેંચવા માટેના ડિસ્પોઝેબલ પડીયા, ગ્લાસ, ચાના કપ, નાની મોટી ડીશો વગેરેની માંગમાં પણ ભારે વધારો જોવા મળ્યો હતો અને ખાસ નોંધ પાત્ર બાબત તો એ જોવા મળી હતી કે દરેક વેપારીએ રથયાત્રાના પ્રસાદ માટે ભાવમાં ડિસ્કાઉન્ટ પણ સારું આપ્યું હતું.

# પવિત્ર અષાઢી બીજે ગ્રાહકોને આવકારવા પ્રોપર્ટી ડેવલપર્સ સજ્જ

## ગ્રાહકોને આકર્ષી મેકિસમમ બુકિંગ લેવા વિવિધ ઓફર્સ-ડિસ્કાઉન્ટની તૈયારીઓ રથયાત્રાનો દિવસ ઘર-દુકાન કે ઓફિસના બુકિંગ માટે શુભ મનાય છે

ગાંધીનગર, તા.૩ અષાઢી બીજના પવિત્ર દિવસે જગતના નાથ એવા જગન્નાથજીની રથયાત્રા યોજાય છે અને આ કારણે આ દિવસ પણ કોઈ પણ પ્રકારની ખરીદી કે નવા કાર્યો માટે શુભ દિવસ ગણાય છે. શ્રધ્ધાળુઓ પોતાના નવા વાહન કે મકાનની ખરીદી કરવા માટે અથવા નવો વેપાર ધંધો કે અન્ય કોઈ નવી શરૂઆત કરવા માટે આ દિવસને શુભ દિવસ માને છે. અનેક કુટુંબ પરિવારોમાં પણ સગાઈ-સીમંત જેવા ખુશીના પ્રસંગો હાથ ધરાય છે. શહેરના બિલ્ડરો આ કારણે પોતાની નવી રહેણાંક કે કોમર્શિયલ સ્કીમોના વધુમાં વધુ બુકિંગ મેળવવા ગ્રાહકોને આકર્ષવાનો એક પણ મોકો છોડવા માંગતા નથી અને તેમને આવકારવા સજ્જ બન્યા છે.

શહેરમાં પ્રોપર્ટી માર્કેટમાં વર્ષના કેટલાક દિવસો ખૂબ મહત્વના ગણાય છે જેમાં રથયાત્રાનો દિવસ પણ છે. અષાઢી બીજના આ દિવસે પોતાનું ઘર કે દુકાન અથવા ઓફિસ ખરીદવા માંગતા ગ્રાહકો બુકિંગ માટે શ્રેષ્ઠ દિવસ માને છે તેથી આ દિવસે શહેરના તમામ એસ્ટેટ બ્રોકર્સ અને બિલ્ડર્સ પોતાના ભાગે વધુમાં વધુ ગ્રાહકો આવે તેની વેતરણમાં હોય છે તેથી ગ્રાહકોને આ દિવસના બુકિંગ પર લોભામણી ઓફરો તથા આકર્ષક ડિસ્કાઉન્ટ પણ ઓફર કરવામાં આવે છે. આ અષાઢી બીજે પણ શહેરમાં રહેણાંક માટેની ફલેટ કે ટેનામેન્ટની સ્કીમો અથવા કોમર્શિયલ સ્કીમોના કુડાસણ, સરગાસણ, રાયસણ, રાંદેસણ સહિતના ન્યુ ગાંધીનગર તથા વાવોલ અને શહેરના આંતરિક વિસ્તારોમાં ડેવલપર્સ તથા બિલ્ડર્સ ગ્રાહકોને આવકારવા તત્પર બન્યા છે અને તે માટે અનેક પ્રકારની સજાવટ સાથે ઓફર્સ ડિસ્કાઉન્ટની તૈયારીઓ કરી લીધી છે.

# ગાંધીનગરમાં દારુની હેરાફેરીના કિસ્સામાં વધારો

## જિલ્લામાં ચાર સ્થળેથી ૨૬ બોટલ સાથે રૂ.૯૫,૫૬૧નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૩ ગુજરાત રાજયમાં દારુબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ દારુની હેરાફેરીના કિસ્સામાં વધારો જોવા મળ્યો છે. પોલીસે સેકટર-૩૦ સર્કલ, ચંદ્રાલા અને રૂપાલ-નારદીપુર ત્રણ રસ્તા પાસેથી દારુની હેરાફેરી કરતા ઈસમોને પકડી પાડી ૨૬ બોટલ સાથે રૂ. ૯૫,૫૬૧નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સર્કલ પાસેથી સોમવારના રોજ રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં નિકુંજ મુકેશ જયસ્વાલ (ઉં.વ.૨૩ રહે. ૧૧૪ ડબલડેકર સે-૨૪) વિદેશી દારુની ૨ નંગ બોટલ અને એક નંગ કવાટર સાથે પકડાયો હતો. યુવક પાસેથી પોલીસે દારુનો જથ્થો અને મોબાઈલ મળી રૂ.૪૧૨૫ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.યુવક ત્રણ દિવસ પહેલા કોઈ શખ્સ પાસેથી દારુ લાવ્યો હતો અને તેણે સાબરમતિ નદીના કોતરોમાં મુકેલો હતો. જે રાત્રી દરમિયાન ઘરે લઈ જતો હતો.

જયારે બીજા બનાવમાં ચંદ્રાલા ગામની સીમમાં હાઈ વે પરથી એકટીવા પર દારુની ૭ બોટલ લઈ જતો અમદાવાદનો ઈસમ પકડાયો હતો.સાબરમતિ રામનગર ઠાકોરવાસમાં રહેતો ચિરાગ મનુભાઈ ઠાકોર હિંમતનગરથી એકટીવા લઈને આવતો હતો. જેને રોકીને ચિલોડા પોલીસે તપાસ કરતા એકટીવામાં રાખેલા થેલામાંથી વિદેશી દારુની ૭ બોટલ મળી આવી હતી.ચિલોડા પોલીસે રૂ. ૨૨૪૦ નો દારુનો જથ્થો તેમજ એકટીવા મળીને કુલ રૂ. ૨૭,૨૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં ચંદ્રાલા ભાગોળવાસમાં બંધ મકાનની પાછળની બાજુએ ઝાળીઓમાં પોલીસે દારુની ૧૨ બોટલ પકડી પાડી છે. પોલીસે બાતમીને આધારે મંગળવારે રાત્રે ચંદ્રાલા પ્રજાપતિ વાસમાં રહેતા કિશન વિનોદભાઈ દરજીને રૂ.૪૨૦૦ ની કિંમતના દારુના જથ્થા સાથે દબોચી લઈ તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે ચોથા બનાવમાં પોલીસે નારદીપુર-રૂપાલ ત્રણ રસ્તા પાસેથી પેથાપુર પાલૈયાના પ્રદિપસિંહ ભરતસિંહ વાઘેલા એકટીવા પર દારુની ચાર બોટલ લઈ જતા હતા ત્યારે પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. પેથાપુર પોલીસે બાતમીને આધારે રૂ.૧૩૯૬ કિંમતની દારુની બોટલ તેમજ રૂ.૨૮,૧૦૦ તેમજ એકટીવા મળીને કુલ રૂ. ૫૯,૯૯૬ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પેથાપુર ખાતે રથયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૩ આજે પેથાપુર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા પેથાપુરમાં રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રથયાત્રા સમિતિની યાદીમાં જણાવ્યા મુજબ નાની બજાર પેથાપુર હાઈસ્કુલ પાસે, નાની બજાર પાસેના રામજી મંદિર ખાતેથી રથયાત્રા નીકળશે. બેન્ડવાજા, સુશોભીત વાહનો, ભકત મંડળીઓ, ઊંટલારીઓ, ટ્રેકટરો સાથે રથયાત્રા નીકળશે આ નિમિત્તે બાળકોની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે બાળકોના નામ પેથાપુરના કાર્યકર નટુભાઈ કે. દરજી (એસ.ટી) પાસે નોંધાવવાના રહેશે. આ હરિફાઈમાં નિર્ણાયક તરીકે ગાંધીનગરના પોપટભાઈ એસ. પ્રજાપતિ અને હસમુખભાઈ મેકવાન હાજર રહેશે. આ રથયાત્રા માટે દિનુભાઈ દરજી, નટુભાઈ દરજી, આશિષ ભટ્ટ, દિનેશભાઈ કેશવલાલ ચૌહાણ, અસરસિંહ આર. વાઘેલા, શૈલેષભાઈ એ. પટણી, ધીરુભાઈ ચૌહાણ, સુનિલભાઈ ભાવસાર, જયેશ પરમાર, જીગ્નેશ પરમાર, ગોવિંદ લખવારા, સચિન દરજી, ચંદ્રકાંત પરમાર તથા રથયાત્રા યુવા સંગઠન સહિત સમિતિના તમામ સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે તથા ગ્રામજનો સહયોગી બન્યા છે. રથયાત્રા સમિતિ દ્વારા રથયાત્રાનું પેથાપુરમાં ઠેર ઠેર સ્વાગત કરવા અને રથયાત્રા સાથે જોડાવવા જણાવાયું છે.



### રથયાત્રાને આવકારવા બુંદી-ગાંઠીયાના પ્રસાદની તૈયારી

શહેરમાં 'રથયાત્રા'નો ઉત્સાહ છવાયો છે અને દર વર્ષે પરંપરાગત રીતે રથયાત્રાનું સ્વાગત કરતા મંડળો સંસ્થાઓ તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. સેકટર-૬માં યુવક મિત્ર મંડળ તથા શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા બુંદી ગાંઠીયા તથા ઠંડા મિનરલ પાણીની સેવા પુરી પાડવામાં આવે છે જે માટેની તડામાર તૈયારીઓ જોવા મળી રહી છે.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સ્વાગત અર્થે એરપોર્ટ પર ગાંધીનગરના શૌર્ય કલ્ચરલ ગૃપ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ દ્વારા ઉત્સવ પરમાર અને પ્રકાશસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ પરંપરાગત કૃતિ રજૂ કરવામાં આવી હતી.

# બોરીસણાના યુવકના શંકાસ્પદ મોતમાં કારણ શોધવા પોલીસનો ધમધમાટ

## યુવકના પીએમ બાદ ફરીયાદ નોંધવાની ખાતરી આપતા પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો

ગાંધીનગર, તા.૩ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના બોરીસણા ગામના યુવકનું શંકાસ્પદ હાલતમાં મૃત્યું થતા હાહાકાર મચી જવા પામ્યો છે. પોતાના ઘરેથી ભાઈબંધ સાથે નીકળેલા યુવાનનો બીજા દિવસે અચાનક મૃતદેહ મળતા પરિવારજનોએ હત્યાની શંકાએ ફરીયાદ નોંધવા માંગ કરી છે. જો કે પોલીસે પીએમ રિપોર્ટ બાદ મૃત્યુંનું કારણ જાણીને ફરીયાદ નોંધવાની ખાતરી આપી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. જયારે છેલ્લા ૧૨ કલાકથી ફરીયાદની માંગણી સાથે બેઠેલા પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કલોલ તાલુકના બોરીસણા ગામના વણકર વાસમાં રહેતા સુનિલ નટવરલાલ વાલેરા (ઉં.વ.૨૫) સોમવારના રોજ રાત્રીના સમયે પોતાના મિત્ર સાથે બાઈક પર બેસીને નીકળ્યો હતો. બીજા દિવસે પણ યુવક ઘરે ન આવતા પરિવારે તેની શોધખોળ આદરી હતી. પરિવારે કલોલ સીટી પોલીસ સ્ટેશન જઈને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે કલોલના પ્રતાપપુરા ખાતેથી ૧૦૮ દ્વારા એક અજાણ્યા યુવકને સારવાર માટે સીએચસી ખાતે ખસેડાયો છે. જેથી પરિવારના સભ્યો ત્યાં પહોંચ્યા હતા તો કોઈ મળ્યુ ન હતું અને પોલીસ પણ દેખાઈ ન હતી. મોડી રાત સુધી શોધખોળ કર્યા બાદ પરિવારજનો ગાંધીનગર સિવિલ પહોંચ્યા ત્યારે પીએમ રૂમમાં યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.જેનો પગલે મૃતકના કાકા સુરેશભાઈ વાલેરા આક્ષેપ છે કે અમે ગાંધીનગર પહોંચ્યા ત્યારે સુનિલનો મૃતદેહ લોહી-લુહાણ હાલતમાં તેમજ કપડા લોહીથી ખરડાયેલા હતા. તેમને શંકા છે કે તેના બે મિત્રોએ તેને ગંભીર ઈજાઓ પહોંચાડતા તેનું મૃત્યું થયું છે. પરિવારની ફરીયાદની માંગ સાથે પોલીસે પીએમ બાદ ફરીયાદની વાત કરી હતી. પરિવારના સભ્યોને ન્યાય મળે તે માટે ગ્રામજનો ૧૨ કલાક સુધી ગાંધીનગર સિવિલના પીએમ રૂમની બહાર બેસી રહ્યા હતા. જેનો પગલે એકઝ્યુકેટીવ મેજીસ્ટ્રેટ સિવિલ પહોંચીને ઈન્કવેસ્ટ પંચનામું કર્યું હતું. અડધા કલાકથી વધુ ચાલેલા પંચનામાની વિડીયોગ્રાફી કરાઈ હતી. પીએમ કરાયા પછી પરિવારે મૃતદેહનો સ્વીકાર કરતા પોલીસને પણ રાહત અનુભવી હતી. પોલીસે હવે આ કેસમાં વધુ તપાસ શરુ કરી છે.



### રાંદેસણ સ્વામીનારાયણ ધામના ગેટ પાસે કારનો કાચ તોડી લેપટોપની ચોરી

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર રાંદેસણ ગામ તરફના રોડ પર આવેલા સ્વામીનારાયણ ધામના ગેટ પાસેથી કારનો કાચ તોડીને ચોર ઈસમો લેપટોપની ચોરી કરી પલાયન થઈ ગયા છે. અમદાવાદના બાપુનગર ખાતે રહેતા વિરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ઝાલા નામનો યુવક ગત તા.૩૦ જુનના રોજ રાત્રે આઠ વાગ્યે પરિવાર સાથે સ્વામીનારાયણ ધામ આવ્યો હતો. રાત્રે સાડા નવ વાગે તેઓ બહાર આવ્યા હતા.ત્યારે કારનો ખાલી સાઈડનો કાચ તુટેલી હાલતમાં હતો. જેથી યુવકે કારમાં તપાસ કરતા તેના મિત્રનું લેપટોપ રૂ.૧૫ હજારનું ગાયબ હતું. યુવકે આ અંગે ઘટનાના બે દિવસ બાદ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ બાબુભાઈ મથુરદાસ, ઉ.વ. ૬૯
- સ્વ. ત્રિવેદી ઈન્દુમતી વિનોદરાય, ઉ.વ. ૭૬
- સ્વ. વાઘેલા પ્રદિપસિંહ તખતસિંહ, ઉ.વ. ૬૦
- સ્વ. ઉપાધ્યાય કપીલાબેન ગીરધરલાલ, ઉ.વ. ૮૫
- સ્વ. તપોધન રમેશચંદ્ર કાન્તીલાલ, ઉ.વ. ૬૨
- સ્વ. સોની નટવરલાલ નરસિંહદાસ, ઉ.વ. ૬૮